# અખબારી યાદી

## RTE પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૫-૨૬ માટે અમાન્ય થયેલ ઓનલાઈન અરજીઓમાં ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે અરજદારોને તક આપવા બાબત

RTE ACT-2009ની કલમ 12.1.(c) અન્વયે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫% લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે તા. ૧૯/૦૨/૨૦૨૫નાં રોજ જાહેરાત બહાર પાડી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે અરજદારશ્રીઓને તા. ૨૮/૦૨/૨૦૨૫ થી તા. ૧૫/૦૪/૨૦૨૫ દરમિયાન ઓનલાઈન અરજી કરવા અર્થે સમયગાળો આપવામા આવેલ. જે અંતર્ગત સમગ્ર રાજ્યમાંથી એકંદરે કુલ ૨,૩૮,૯૧૬ જેટલી ઓનલાઈન અરજીઓ વેબપોર્ટલ પર મળેલ હતી. સદર ઓનલાઈન મળેલ અરજીઓની ચકાસણી કરવાની પ્રક્રિયા જિલ્લા કક્ષાએ તા. ૨૮/૦૨/૨૦૨૫ થી તા. ૧૬/૦૪/૨૦૨૫માં હાથ ધરવામાં આવેલ હતી. આવેલ અરજીઓની જિલ્લા કક્ષાએ ચકાસણી બાદ કુલ ૧૬,૯૨૬ જેટલી અરજીઓ નિયમાનુસાર વિવિધ કારણોસર અમાન્ય થયેલ છે.

જે ધ્યાને લઈ ***જે અરજદારોની ઓનલાઈન અરજી રીજેક્ટ થયેલ છે. માત્ર તેવા અરજદારો તા. ૨૧/૦૪/૨૦૨૫ થી તા. ૨૩/૦૪/૨૦૨૫ નાં સમયગાળા દરમિયાન ઓનલાઈન વેબપોર્ટલ https://rte.orpgujarat.com/ પર જઈ એપ્લિકેશન નંબર અને જન્મ તારીખ દાખલ કરી રીજેક્ટ થયેલ અરજીમાં જો કોઈ જરૂરિયાત મુજબના ડોક્યુમેન્ટ અપલોડ કરવા માંગતા હોઈ તો અપલોડ કરી પોતાની એપ્લિકેશન સબમિટ કરી શકશે.*** જે અંગેની જાણ અરજદારોને SMS દ્વારા પણ કરવામાં આવેલ છે. સદર સમયગાળા બાદ રીજેક્ટ થયેલ અરજીઓની પુનઃ ચકાસણી જિલ્લા કક્ષાએ તા. ૨૧/૦૪/૨૦૨૫ થી તા. ૨૪/૦૪/૨૦૨૫ દરમિયાન કરવામાં આવશે. જે અરજદારો આ સમયગાળા દરમિયાન પોતાની રીજેક્ટ થયેલ અરજીમાં કોઈ સુધારો કરવા ન માંગતા હોય તો તેઓની અરજી અમાન્ય રાખી નિયમાનુસાર RTE પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. તથા, પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ તા. ૨૮/૦૪/૨૦૨૫, સોમવારનાં રોજ જાહેર કરવામાં આવશે.

---

E-MAIL

ક્રમાંક- પ્રાશિનિ/RTE/અખબારી યાદી/૨૦૨૫/૩૯૯-૪૪૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર તા.૧૯/૦૪/૨૦૨૫

પ્રતિ,
માહિતી કમિશ્નરશ્રી,
માહિતી કમિશ્નરશ્રીની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

સવિનય સાથે જણાવવાનું કે, ઉપરોક્ત અખબારી યાદી રાજ્યનાં સુપ્રસિધ્ધ દૈનિકપત્રોમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરી આપવા નમ્ર વિનંતી.

આપનો વિશ્વાસુ

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

- નકલ રવાના: (જિલ્લા કક્ષાએ બહોળી પ્રસિદ્ધિ કરવા અંગે)
  - જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
  - જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ